### કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા સર્વ નેતૃત્વની

# ૫૫મી પાંચ દિવસિય નિવાસી તાલીમ શિબિર યોજાઈ








ગાંધીનગર, તા. ૨૩

યુવા વિધાર્થીઓનાં જીવન ઘડતર અને ચારિત્ર્ય નિર્માણ હેતુથી કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા સર્વ નેતૃત્વ-૫૫મીં નિવાસી તાલીમ શિબિર સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી ખાતે યોજાઈ, જેમા ગાંધીનગર અને કડી કેમ્પસ સ્થિત જુદી જુદી ૧૬ કોલેજોના કુલ ૭૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો જેમાં શહેરના જાણીતા કોર્પોરેટ અને મેનેજમેંટ ટ્રેનર સુરેશ પટેલ સાહેબ ઉપસ્થિત રહી વિધાર્થીઓને જીવનના દરેક સ્થિતિમાં પડકારોનો સામનો કેવી રીતે કરી શકાય અને સફળ નેતૃત્વના પાઠ શિખવ્યા હતા.

ગેસ્ટ સ્પીકર તરીકે રાસ્ટ્રપતિ દ્વારા સન્માનીત હિમાંશુભાઈ પટેલ અને મિત્તલબેન પટેલ ઉપસ્થિત રહી યુવાનોને પોતાના કાર્યનો અનુભવ જણાવી પ્રેરણા પૂરી પાડી હતી. કાર્યકરમના અંતે વિધાર્થીઓએ સુઘડ સ્થિત પર્યાવરણ સંસ્થાની મુલાકાત કરાવી હતી જ્યાં ડાયરેક્ટર શ્રી જયેશભાઈ અને સાથે દેવેન્દ્રભાઈ દ્વારા સંસ્થાના કાર્યો વિષે વિસ્તૃત માહિતી આપી વિધાર્થીઓ સામાજને કેવી રીતે ઉપયોગી બની શકે છે તેનું માર્ગદર્શન આપ્યું હતું.

નિવાસી શિબિરના અંતે સમાપન સમારંભમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચેરમેન શ્રી. વલ્લભભાઈ પટેલ સાહેબ અને ડો. મણીભાઈ પટેલ ઉપસ્થિત રહી પૂર્વ તાલીમાર્થીઓ દ્વારા સમજલક્ષી કારી કરવા અને સર્વ નેતૃત્વ કાર્યક્રમમાં ઉત્કૃસ્ઠ કામગીરી કરનાર ચૌધરી પ્રકાશ, બોડા દીપ, પટેલ ઉત્સવ, પટેલ ઉત્કર્ષ, સંઘાણી યોગિતા, પટેલ નિમેશ અને પટેલ હર્ષને મોમેન્ટટો આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન સર્વ નેતૃત્વ કાર્યક્રમના કો-ઓર્ડીનેટર ડો. ધર્મેન્દ્રભાઈ પટેલ અને સહાયક તરીકે પાયલ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. પૂર્વ તાલીમાર્થી સુરજ મુંજાણી, સામીદ અને અભય પરમાર દ્વારા કાર્યક્રમને સફળ બનાવવ પ્રશંસનીય કામગીરી કરવામાં આવી હતી.

# ગણપત યુનિવર્સિટીની આઠ ફેકલ્ટીના દસ હજારથી વધુ વિદ્યાર્થીઓ ઘેર બેઠાં ઓનલાઈન એટેન્ડ કરે છે વર્ચ્યુઅલ ક્લાસરૂમ

**કોરોનાના કેરને કારણે છુટ્ટી ભોગવી રહેલા વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટીએ ડેવલપ કરી ઈન્ટર એક્ટિવ લર્નિંગ સિસ્ટમ**

ગણપત વિદ્યાનગર તા. ૨૩

કોરોનાના કેર સામે સાવચેતીના પગલાં રૂપે ગુજરાત સરકાર દ્વારા તા. ૨૯ માર્ચ સુધી શાળા – કોલેજો બંધ રાખવા આદેશ આપ્યો છે. આવી સ્થિતિમાં વિદ્યાર્થીઓના અભ્યાસને માઠી અસર ના પહોંચે એટલા માટે ગણપત યુનિવર્સિટીએ એમનાં દસ હજારથી વધારે વિદ્યાર્થીઓ માટે ઓન લાઈન લર્નિંગ સિસ્ટેમ ડેવલપ કરીને વિદ્યાર્થીઓ વર્ચ્યુઅલ ક્લાસરૂમની આધુનિક સુવિધા પૂરી પાડી છે.

ગણપત યુનિવર્સિટીની એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી, મેનેજમેન્ટ સ્ટડીઝ, કોમ્પ્યુટર એપ્લીકેશન્સ, ફાર્મસી, સોશિયલ સાયન્સ એન્ડ હયુમેનિટિઝ, સાયન્સ, સ્કીલ ડેવલોપમેન્ટ તેમજ આર્કિટેક્ચર, ડિઝાઈન એન્ડ પ્લાનિંગ સહિતની કુલ આઠ ફેકલ્ટીનાં ચૂનંદા પ્રોફેસર્સને ખાસ તાલિમ આપીને વિદ્યાર્થીઓને ઓન-લાઈન લેકચર આપવા તેમજ ઈન્ટરએક્ટિવ સંવાદ માટે તૈયાર કરી દેવામાં આવ્યા છે.

વિદ્યાર્થીઓને મેઈલ અને મોબાઈલ મેસેજ દ્વારા તેમના લેક્ચર્સનું ટાઈમ ટેબલ આગોતરું મોકલી દેવામાં આવે છે અને તે મુજબ ફેકલ્ટી તેમજ વિદ્યાર્થીઓ લોગ-ઓન થઈ વર્ચ્યુઅલ ક્લાસરૂમમાં હાજર થઈ જાય છે.

> **સૈંકડો ફેકલ્ટી મેમ્બર્સ ખાસ ટ્રેઈનિંગ લીધી અને ગૂગલના હેંગઆઉટ ટૂલ દ્વારા ઈન્ટર એક્ટિવ ક્લાસરૂમમાં વિદ્યાર્થીઓ સાથે ઓન - લાઈન સવાલ - જવાબ પણ કરી શકે છે**

વિદ્યાર્થી જયારે ઘેર બેઠાં એના મોબાઈલ, લેપટોપ કે ટેબલેટ ઉપરથી વર્ચ્યુઅલ લર્નિંગ સિસ્ટમ સાથે જોડાય ત્યારે તેના પ્રોફેસર બોલે તે તો એ સાંભળી જ શકે છે પરંતુ સાથે સાથે એમના શબ્દો સ્ક્રીન ઉપર નીચે સ્ક્રોલ સ્વરૂપે લખાતા પણ જાય છે, જેથી વિદ્યાર્થીને સાંભળવામાં કઈ ચૂક થાય તો વાંચીને પણ લેકચરને સમજી શકે છે.

લેકચરના અંતે છેલ્લી દસ મીનિટ ચેટિંગ દ્વારા વિદ્યાર્થી પ્રશ્નોતરી પણ કરી શકે છે.

વળી, આખું લેકચર રેકોર્ડ કરવાની પણ સિસ્ટેમમાં વ્યવસ્થા હોવાથી તેની લિંક વિદ્યાર્થીને મોકલીને લેકચરનો ઓડિયો પણ સુલભ કરાવવામાં આવે છે જેથી વિદ્યાર્થી તેના અનુકૂળ સમયે રીવિઝન પણ કરી શકે છે.

વર્ચ્યુઅલ ક્લાસરૂમની આ ટેકનોલોજી વિદ્યાર્થીઓને સુલભ કરાવવા માટે ગૂગલના "હેંગઆઉટ ટૂલ"નો ઉપયોગ કરવામાં આવ્યો છે.

હાલમાં સ્કૂલ - કોલેજ બે અઠવાડિયા બંધ રાખવાના સરકારના આદેશને અનુસરીને ૨૯મી માર્ચ સુધીનું વિશેષ ટાઈમ ટેબલ તૈયાર કરી વિદ્યાર્થીઓ માટે ઘેર બેઠાં ઓનલાઈન લર્નિંગની વ્યવસ્થા ગોઠવાઈ છે, પરંતુ જો સમય-અવધિ લંબાવવામાં આવશે તો આ વ્યવસ્થા પણ વધુ સમય માટે વિદ્યાર્થીઓ માટે સુલભ કરાવવામાં આવશે.

કોમ્પ્યુટર અને આઈટી નિષ્ણાત પ્રતિભાશાળી અધ્યાપક મિત્રો ડૉ. હેમલ શાહ તથા ડૉ. સત્યેન પરીખ તેમજ એમની ટીમને જે જેહમત ઉઠાવી તે માટે ગણપત યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ. શ્રી મહેન્દ્ર શર્માએ ધન્યવાદ પાઠવ્યા હતા.

# હરેકૃષ્ણ મંદિર ભાડજ મંદિર ૩૧ માર્ચ, સુધી જાહેર જનતા માટે બંધ



ગાંધીનગર, તા.૨૩

હરેકૃષ્ણ મંદિરએ શહેરના સૌથી વધુ જોવાલાયક મંદિરોમાંનુ એક છે. મંદિરના મુલાકાત લેતા તમામ દર્શનાર્થીઓને કોઈ પણ જાતની અડચણ વગર થઈ શકે એ માટે મંદિર સંચાલનકર્તા હંમેશા સાવધ રહે છે.

હાલની COVID-19 રોગચાળાની સ્થિતિને પગલે, જાહેર સલામતીના શ્રેષ્ઠ હિતને પ્રાધાન્યરૂપે રાખવા અને ગુજરતા સરકાર દ્વારા આપવામાં આવેલ સલામતીના સૂચનોને અનુસરતા હરેકૃષ્ણ મંદિર, ભાડજ તા. ૨૦ માર્ચ, ૨૦૨૦ શુક્રવાર થી લઈને તા. ૩૧ માર્ચ, ૨૦૨૦ મંગળવાર સુધી જાહેર જનતા માટે બંધ રહેશે. મંદિર થોડા સમયના કામચલાઉ બંધને કારણે ભક્તોને પડી રહેલ અસુવિધા અને નિરાશા બદલ દિલગીર છીએ. અમો દરેક ભક્તોને વિનંતી કરીએ છીએ કે તેઓ હરેકૃષ્ણ મંત્રનો તેમના ઘરે જાપ કરે અને સર્વશક્તિમાન ભગવાનને પ્રાર્થના કરે. આ બાબતે અમો આપ સૌના સહકારની અપેક્ષા રાખીએ છીએ અને ભગવાન શ્રી શ્રી રાધા માધવની કૃપા આપ સૌ કોઈ મળે તે માટે પ્રાર્થના કરીએ છીએ.

**ડાયરેક્ટ ❤ સે**

દરેક દિવસ એક અપેક્ષાથી શરુ થાય છે અને એક અનુભવથી પુરો થાય છે...

## જન્મદિને વધામણી



**પ્રકાશભાઈ કુમુદચંદ્ર ઠાકર**
**મો. ૯૪૨૭૦ ૨૮૧૮૮**



**નીના ગણેશન**
**આસી. પ્રોફેસર, અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજ**



**કશ્વી સંદિપકુમાર જોષી**
**મો. ૯૪૨૬૫ ૦૪૫૫૨**

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

\- સંપાદક

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા ખાતે મધમાખી પાલન તાલીમ કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા. ૨૩

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા દ્વારા ખેડૂતો માટે સમયાંતરે જરૂરિયાત આધારિત તાલીમો થતી હોય છે. રાસાયણિક ખેતીથી પર્યાવરણમાં મધમાખીની વસ્તી દિવસે ને દિવસે ઘટતી જાય છે જેની સીધી અસર પાક ઉત્પાદન પર જોવા મળે છે. ખેડૂતો સંકલિત જીવત વ્યવસ્થાપન અપનાવી, રાસાયણિક દવા ખાતરોનો ખર્ચ ઘટાડી રસાયણમુક્ત અને ગુણવત્તાસભર ખેત ઉત્પાદનની સાથે સાથે મધમાખી પાલન અને તેની જાણવણી અંગેની માહિતી મેળવે તેમજ મધમાખી પાલન અંગે ખેડૂતોમાં જાગૃતતા આવે તે હેતુથી આ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

તેમ વિષય નિષ્ણાંત ભરત હડિયા દ્વારા જણાવવામાં આવેલ. આ તાલીમ કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે હેલ્થ અને ન્યુટ્રીશન કેર ફાઉન્ડેશનના સ્થાપક વિનોદભાઈ નકુમ દ્વારા ખેડૂતોને મધમાખી પાલન અને તેનું યોગ્ય વ્યવસ્થાપન, તેમાં જરૂરી કુશળતા અને આ વ્યવસાયમાં સરકારશ્રી દ્વારા આપતી સહાયો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મધમાખી પાલનમાં રસ ધરાવતા જુદા જુદા ૬ ગામોના ખેડૂતોએ ભાગ લીધેલ અને આ વ્યવસાય શરૂ કરવાની સહમતી પણ દર્શાવી હતી.

# ‘વીરા ! એ તો ફાંસી રે નહિ, ફૂલમાળ’



આઝાદીની લડતના અમર ક્રાંતિવીર ભગતસિંહ, સુખદેવ થાપર અને શિવરામ રાજગુરુને ૨૩ માર્ચ ૧૯૩૧ના રોજ અંગ્રેજ સરકાર દ્વારા નિર્દયતાપૂર્વક ફાંસી અપાઈ, તેની વેદનામાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ હૃદયસ્પર્શી કાવ્ય ‘ફૂલમાળ’ રચેલું : ‘વીરા ! એ તો ફાંસી રે નહિ, ફૂલમાળ’.

ફાંસીને દિવસે જેલની કોટડીની સફાઈ કરતા વાલ્મીકિ સમાજના વયોવૃધ્ધ સફાઈ કામદારભાઈની હાથની બનેલી ‘રોટી’ ખાવાની ઈચ્છા ભગતસિંહે વ્યક્ત કરેલી. શહીદ ભગતસિંહે અંતિમ સમયે ખાધેલી વાલ્મીકિ સમાજની આ ‘રોટી’નું ઋણ અને મૂલ્ય ક્યારેય વીસરાશે નહિ.

મહાત્મા ગાંધીએ જેમને ‘રાષ્ટ્રીય શાયર’નાં ગૌરવભર્યા બિરૂદથી નવાજેલાં એવા સમર્થ સાહિત્યકાર, લોકસાહિત્યનાં સંશોધક, સ્વાતંત્ર્ય-સેનાની અને સંનિષ્ઠ પત્રકાર ઝવેરચંદ મેઘાણીના વિપુલ સર્જનની વિશેષ ધ્યાન ખેંચતી બાબત છે દેશભક્તિના કસુંબલ રંગે રંગાયેલી ને પીડિતોની વેદનાને વાચા આપતી એમની કવિતા. ઝવેરચંદ મેઘાણી કૃત ‘સૌરાષ્ટ્રની રસધાર’માં પણ વંચિત સમાજનાં શૌર્ય, શીલ અને સ્વાર્પણની અનેક ગૌરવગાથાઓ આલેખાયેલી છે. માણસ માત્રને ઝવેરચંદ મેઘાણી એક સમાન ગણતા. ધર્મ, જ્ઞાતિ કે અન્ય કોઈપણ ભેદભાવ રાખ્યા વગર સહુ તરફ પ્રેમ અને સમભાવ રાખતા. ૧૯૧૭માં ભાવનગરની શામળદાસ કૉલેજમાં અભ્યાસ દરમિયાન વંચિત સમાજની છાત્રાલયની મુલાકાતે ગયા ત્યારે ત્યાંનાં બાળકને હાથે પાન પ્રેમથી સ્વીકારીને ખાધુ. કોલેજ અને હોસ્ટેલમાં ગણગણાટ શરૂ થઈ ગયો. તેમનો સામાજિક બહિષ્કાર પણ થયેલો જે તેમને હસતે મોઢે સ્વીકારેલો.

આથી પ્રેરાઈને ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી નાનકભાઈ મેઘાણી સ્થાપિત ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનની પ્રેરણાથી છેલ્લા ૧૦ વર્ષથી સમસ્ત વાલ્મીકિ સમાજ દ્વારા ‘શહીદ વંદના’નું આયોજન થાય છે.

કોરોના વાયરસની વિકટ પરિસ્થિતિમાં સમસ્ત દેશમાં વાલ્મીકિ સમાજના સફાઈ કામદાર ભાઈ-બહેનો જીવનાં જોખમે દિવસ-રાત સફાઈ-અભિયાન ચલાવી રહ્યાં છે તે સ્તુતીય છે.

●●●

શહીદ ભગતસિંહનાં જીવનનાં કેટલાંક પ્રેરક પ્રસંગો

૨૮ સપ્ટેમ્બર ૧૯૦૭નાં રોજ બ્રિટિશ ઈન્ડિયાનાં પંજાબ પ્રાંતનાં લાયલપુર જિલ્લાનાં બંગા ગામે (હાલ પાકિસ્તાન) ભગતસિંહનો જન્મ થયો. જોગાનુજોગ તે જ દિવસે તેમના કાંતિકારી પિતા સરદાર કિશનસિંહ અને કાકા સરદાર અજિતસિંહ, સરદાર સ્વર્ણસિંહ જેલમાંથી મુક્ત થયા. નવજાત શિશુને ભાગ્યવંતુ માનીને દાદીમાએ તેનું નામકરણ ભગતસિંહ કર્યુ.

મોટા થઈને પોતે શું કરશે તેના જવાબમાં બાળ ભગતસિંહ સહજભાવે કહેતા : ‘મોટો થઈને હું અંગ્રેજોને આપણા દેશમાંથી તગેડી મૂકીશ’

ખેતરમાં અન્યોને કામ કરતા જોઈને બાળ ભગતસિંહે પણ જમીનમાં બિયારણ અને રોપાંઓ સાથે નાની લાકડીને રોપતા નિર્દોષભાવે કહયુ કે તે જમીનમાં બંદૂક રોપે છે જે આગળ જતા અંગ્રેજ સરકાર સામે જંગમાં કામ લાગશે.

૧૩ એપ્રિલ ૧૯૧૯માં અમૃતસરનાં જલિયાંવાલા બાગ ખાતે શાંતિપૂર્ણ રીતે એકઠા થયેલા હજારો નિર્દોષ લોકો પર કોઈપણ પૂર્વ ચેતવણી વગર અંગ્રેજ ફૌજી અફસર જનરલ ડાયરનાં હુકમથી અંગ્રેજ ફૌજે કાયરતાપૂર્વક અને નિર્દયી રીતે આડેધડ ફાયરીંગ કરીને હજારોનાં જાન લીધા. આ કરૂણ બનાવે બાર વર્ષનાં ભગતસિંહનાં બાળમાનસ પર ભારે અસર કરી હતી. એક વાર કોઈને પણ કહ્યા વગર બાળ ભગતસિંહ લાહોરથી અમૃતસર ગયા અને જલિયાંવાલા બાગની રક્તરંજિત માટીને માથે લગાડીને મૃતાત્માઓને અંજલિ આપી. થોડી માટી એક શીશીમાં ભરીને સાથે ઘેર પણ લેતા આવ્યા અને રોજ તેને પુષ્પો અર્પણ કરતા.

> ● **આઝાદીની લડતના અમર ક્રાંતિવીર ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને ૨૩ માર્ચ ૧૯૩૧ના રોજ અંગ્રેજ સરકાર દ્વારા નિર્દયતાપૂર્વક ફાંસી અપાઈ તેની વેદનામાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ હૃદયસ્પર્શી કાવ્ય ‘ફૂલમાળ’ રચેલું.**
>
> ● **ફાંસીને દિવસે જેલની કોટડીની સફાઈ કરતા વાલ્મીકિ સમાજના વયોવૃધ્ધ સફાઈ કામદારભાઈના હાથની બનેલી ‘રોટી’ ખાવાની ઈચ્છા ભગતસિંહે વ્યક્ત કરેલી. શહીદ ભગતસિંહે અંતિમ સમયે ખાધેલી વાલ્મીકિ સમાજની આ ‘રોટી’નું ઋણ અને મૂલ્ય ક્યારેય વીસરાશે નહિ.**
>
> ● **‘મરકર ભી દિલસે ન નીકલેગી કભી વતન કી ઉલફત, મેરી મિટ્ટી સે ભી ખુશ્બુ-એ-વતન આયેગી’**

૧૯૨૮માં લાહોર ખાતે સાયમન કમીશનનો વિરોધ કરતા અગ્રણી સ્વાતંત્ર્ય-સેનાની લાલા લજપત રાય પર અંગ્રેજ પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ જેમ્સ સ્કોટનાં હુકમથી પોલીસ નિર્દયી રીતે લાઠીઓ વડે ટૂટી પડી. ગંભીર રીતે ઘવાયેલા લાલાજીનું થોડા દિવસો પછી અવસાન થયુ. આસી. પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ જહોન સૉન્ડર્સનો વધ કરીને ચંદ્રશેખર આઝાદ, ભગતસિંહ અને સાથીઓએ લાલાજીની શહાદતનો બદલો લીધો. આ સમાચાર જાણીને ભગતસિંહના ચિંતિત પિતા સરદાર કિશનસિંહે તેમના પત્નીને કહયુ કે તેઓને સંદેહ છે કે પુત્ર ભગતસિંહ આ હત્યાકાંડમાં સંડોવાયો હશે. માતા વિદ્યાવતીએ ગર્વથી કહયુ કે તેઓને ખાત્રી છે કે લાલાજીની શહાદતનો બદલો ભગતસિંહ અને તેના સાથીઓએ જ લીધો હશે.

ભગતસિંહને ફિલ્મો જોવાનો અનહદ શોખ હતો. સાથીઓ મજાક કરતા કે ભગતસિંહ કોઈક વખત સીનેમા-ગૃહમાં ફિલ્મ જોતા જ પોલીસને હાથે પકડાય જાશે!

માતા વિદ્યાવતીને ફાંસી પછી પોતાનું મૃત શરીર લેવા ન આવવાની ભગતસિંહે વિનંતિ કરી હતી. તે વખતે પુત્રની શહાદત પર હૈયાફાટ રૂદન કરતી માતાનાં આંસુઓ લોકોની નજરે પડશે. શૂરવીર પુત્રની બહાદુર માતાને આઝાદી પછી પંજાબ સરકારે ‘પંજાબ માતા’નાં ગૌરવપૂર્ણ બિરૂદથી નવાજ્યા હતા.

●●●

શહીદ ભગતસિંહની અંતિમ પળો

ફાંસીનાં સમયે સંત્રી ભગતસિંહને લેવા આવ્યો ત્યારે તેઓ કોટડીમાં લેનિનની જીવન કથા વાંચી રહ્યા હતા. ભગતસિંહે તેને થોડી વાર થોભી જવા કહ્યુ : ‘એક કાંતિકારીનું બીજા કાંતિકારી સાથે મિલન થઈ રહ્યુ છે.’ છેલ્લા કેટલાંક ફકરા વાંચીને ભગતસિંહ સંત્રી સાથે નીકળી પડ્યા.

સુખદેવ અને રાજગુરુ પણ કોટડીમાંથી બહાર આવી ગયા હતા. તેઓને બેડીઓ પહેરાવવામાં ન આવે અને મોઢે કાળું કપડું ઢાકવામાં ન આવે તેવી ઈચ્છા ભગતસિંહ વ્યક્ત કરી જે માન્ય રાખવામાં આવી. ત્રણેય એકબીજાને ગળે મળ્યા અને એકબીજાના ખભા પર હાથ નાખીને ફાંસીનાં માંચડા તરફ ચાલવા લાગ્યા. ભગતસિંહે ગીત લલકાર્યુ : ‘મરકર ભી દિલસે ન નીકલેગી કભી વતન કી ઉલફત, મેરી મિટ્ટી સે ભી ખુશ્બુ-એ-વતન આયેગી’

ત્રણેય ફાંસીનાં ફંદાની નીચે ઉભા રહ્યા. અંતિમવાર ‘ઈન્કિલાબ જિંદાબાદ’ના ગગનભેદી નારા લગાવ્યા. ફાંસાને પકડીને ચૂમ્યા અને જાતે જ ગળામાં નાખીને, ૨૩ માર્ચ ૧૯૩૧ની સાંજે ૭ અને ૩૩ મિનીટે, હસતે મુખે વતન માટે ફના થઈ ગયા.

અમર વીર શહીદો ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુની અનન્ય શહાદત આઝાદીની લડતની તવારીખમાં હમેશાં સુવર્ણ અક્ષરે અંકિત રહેશે.